37
43
33

પાણી પુરવઠા વિભાગના વોટર ટેન્કર તંત્રના વાહનો રદબાતલ
કરવા અંગેની સમિતિ બાબત.

---

ગુજરાત સરકાર,
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
ઠરાવ ક્રમાંક: વોટેઓ/૧૦૯૯/૨૦૮૧/ખ૪
સચિવાલય, ગાંધીનગર તા.- ૭-૧૨-૨૦૦૪
તા.

વંચાણે લીધાં:–

(૧) બંદરો, વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગના તા. ૧૨/૧૧/૮૭ ના ઠરાવ ક્રમાંક: જીટીએસ/૨૬૭૮/૪૮૯૭/ડી
(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સરખા ક્રમાંકનો ઠરાવ તા. ૧૯/૬/૯૬
(૩) ન.જ.સં. અને પા.પુ. વિભાગનો ઠરાવ તા. ૧૧/૯/૯૭
(૪) ન.જ.સં. અને પા.પુ.વિ. સચિવાલય, ગાંધીનગર ના પત્રાંક ૧૦૯૯/૨૦૮૧/૯૯/ખ૪ તા. ૨૨/૨/૦૧

ઠરાવ:–

સંદર્ભ–૨ માં દર્શાવેલ ઠરાવથી વોટર ટેન્કર તંત્રના વાહનો રદ કરવા અંગેની સમિતિની રચના કરવામાં આવેલ હતી. ઉકત સમિતિમાં સંદર્ભ–૨ અને ૩ હેઠળના ઠરાવ/પત્રથી ફેરફાર કરવામાં આવેલ હતો. તા. ૧૧/૧૦/૦૪ ના રોજ મળેલ બેઠકમાં લેવાયેલ નિર્ણય અનુસાર (૧) અધ્યક્ષશ્રી તરીકે ખાસ ફરજ પરના અધિકારી અને મુખ્ય ઈજનેરશ્રી (પા.પુ.)ની જગ્યાનો હોદ્દો મુખ્ય ઈજનેરની જગ્યામાં અપગ્રેડ થવાથી અને (૨) સમિતિના સભ્ય સચિવશ્રી સંયુકત નિયામક અને અધિક્ષક ઈજનેરશ્રી, વોટર ટેન્કર તંત્રની જગ્યા કાર્યપાલક ઈજનેરશ્રીની જગ્યામાં ડાઉનગ્રેડ થતાં સમિતિની રચનામાં ફેરફાર કરવાની બાબત કેટલાક સમયથી પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબના અધિકારીઓની સમિતિની પુનઃ રચના કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી (પા.પુ.)– અધ્યક્ષશ્રી
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર

(૨) નાયબ સચિવશ્રી (પા.પુ.) – સભ્યશ્રી
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

(૩) નાણાં સલાહકારશ્રી, - સભ્ય શ્રી

નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

(૪) મુખ્ય ઈજનેરશ્રી(યાં) સભ્યશ્રી

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સે. ૧૦,

ગાંધીનગર.

(૫) કાર્યપાલક ઈજનેરશ્રી, સભ્ય સચિવશ્રી

વોટર ટેન્કર તંત્ર, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા

બોર્ડ, ગાંધીનગર

ઠરાવની અન્ય જોગવાઈઓ વંચાણે લીધેલ સંદર્ભ-૧અને ૨ મુજબ યથાવત રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(વી.એન.ચૌધરી)
ઉપ સચિવ
નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

- સચિવશ્રી( પા.પુ.) ના અંગત સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય ઈજનેર અને અધિક સચિવશ્રી, અંગત સચિવશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી( પા.પુ.) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એ.જી. કચેરી, અમદાવાદ/ રાજકોટ
- સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સે. ૧૦, ગાંધીનગર.
- મુખ્ય ઈજનેરશ્રી(યાં) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સે. ૧૦, ગાંધીનગર.
- કાર્યપાલક ઈજનેરશ્રી, (યાં) વોટર ટેન્કર તંત્ર, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ૧૧, સરદાર પટેલ ભવન, સચિવાલય, ગાંધીનગર
- ના.સેકશન અધિકારી શ્રી સિલેકટ ફાઈલ.

સિલેકટ ફાઈલ -૨૦૦૪